Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૨૫ • તા. ૧૯ જુન ૨૦૧૭ થી ૨૫ જુન ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## નવી મુંબઈ નગરે પ્રભુ શ્રી આદિનાથની પધરામણી



રથ યાત્રામાં પધારેલ ભાવિક ગણ



પ્રભુને પોંખતાં **શેઠ શ્રી ભુપેન્દ્રભાઈ** તથા **શ્રીમતી અનુપમાબેન**



કંકુ છાંટણા કરી આમંત્રણ પત્રિકા રવાના



**શ્રી ભુપેન્દ્રભાઈ** પોતાના નવા પ્લોટ પર **પ.પૂ. સાધ્વીજી ભગવંતોના** આશીર્વાદ લેતા



રથમાં બિરાજેલા **પ્રભુ શ્રી આદિનાથ**



રથ યાત્રામાં પધારેલ ભાવિક ગણ

**નવી મુંબઈ નગરે, સાનપાડા મધ્યે તા. ૫-૬-૨૦૧૭ સોમવાર**ના દિવસે ભવ્ય રથ યાત્રા સાથે સ્વદ્રવ્યથી નિર્મિત **માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ પરિવાર, લાખણીયા,** હસ્તે **શેઠ શ્રી ભુપેન્દ્રભાઈ મુરજી દંડ** દ્વારા શિખર બધ્ધ જિનાલયમાં પ્રથમ તીર્થંકર **શ્રી આદિનાથ દાદા**નું નગર પ્રવેશ થયું હતું. જેમાં મુંબઈ, નવી મુંબઈ તથા બહારગામથી પધારેલા લોકોએ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ પ્રસંગે સાહિત્ય સમ્રાટ, જિનાલય તીર્થ પ્રેરક **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્યરત્ન મધુર પ્રવચનકાર **પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.** અને સરલસ્વભાવી **પૂ. મુનિરાજ શ્રી મોક્ષેશચંદ્રસાગરજી મ.સા.** પધારેલ હતા. તેમજ **પ.પૂ. સાધ્વીજી કનકગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા ૪ તથા **પ.પૂ. સાધ્વીજી કિર્તનગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા ૨ની નિશ્રા પણ મળેલ. આ પ્રસંગે ચર્તુવિધ સંઘની હાજરી હતી.

પ્રથમ સ્નાત્ર પૂજા બાદ, કુંભ સ્થાપના, અખંડ દીપક, જ્વારારોપણ, તથા ધ્વજ દંડની પૂજા વિધિકાર **શ્રી હર્ષ ભાઈ દેઢિયા** અને **તેમની ટીમે** સુંદર રીતે વિધિ પૂર્વક પાર પાડી. આ પ્રસંગમાં સૌ એ હાજરી આપીને ચાર ચાંદ લગાવી દીધા.

**તા. ૨૪-૨૫-૨૬ જૂનના પ્રતિષ્ઠા પ્રસંગે "ત્રિહાનિકા મહોત્સવ" રાખેલ છે. તેમાં સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને પધારવાનું ભાવભર્યું હાર્દિક આમંત્રણ, "શ્રી ક.દ.ઓ. જૈન મંડળ, નવી મુંબઈ" તથા માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ સહ પરિવાર આપે છે. રખે ચૂકતા !!!!**

**મહોત્સવ સ્થળ :** **ભૂમિરાજ કોસ્ટરીકા,** પ્લોટ નં. ૧ અને ૨, સેક્ટર ૧૮, ઑફ પામ બીચ રોડ, મોરાજ સર્કલની પાસે, સાનપાડા, નવી મુંબઈ-૪૦૦ ૦૭૫

# Congratulations



**Mr. Harsh Vijay Lapasia**


We are proud that our son has been promoted as Deputy Manager in Maruti Suzuki India Ltd. (Mumbai)

We are sure that you will continue to climb the ladder of success and achieve bigger goals in life.

**-: Best Wishes :-**

Dadana : **Matushri Navalben Hansraj Lapasia** (Daltungi- Santacruz)
Nanana : **Matushri Sushilaben Jethalal Khona** (Rangpur- Malad)
Parents : **Nilam Vijay Lapasia** (Daltungi- Santacruz)
Sister : **Palak Vijay Lapasia**

# શ્રધ્ધા-સુમન



**સ્વ. કેશવજી વિરચંદ નાગડા**
(જખૌ - પુના)
જન્મ :
તા. ૮/૯/૧૯૩૯
અરિહંત શરણ :
તા. ૬/૬/૨૦૧૭

જીવનમાં સદાય પ્રેમના દીપ પ્રગટાવી
વ્હાલપ ના વાદળ હેત સભર વરસાવી
સામાજીક પ્રવૃત્તિઓમાં સાથ અને સહકાર અર્પી
અનંત યાત્રાએ આદર્યું પ્રયાણ.
સરળને નિખાલસ સ્વભાવી આત્માને
પરમાત્મા પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

❖ સ્મરણમાં ❖

**શ્રીમતી મંજુલા કેશવજી નાગડા**
પુત્ર-પુત્રવધુ : **અમીત-ગીતા** અને **પરેશ-શિલ્પા**
પૌત્રી-પૌત્ર : **ચિ. પ્રાચી** અને **જૈનમ**

❖ શોકાતુર ❖

**વિરચંદ કાનજી નાગડા પરિવાર** (મુંબઈ)
વેવાઈ : **વાલજી અરજણ મોતા પરિવાર** (ભોપાલ)

# Hearty Congratulations



## દંડ તથા લાપસિયા પરિવાર નું ગૌરવ


દેવ ગુરૂની કૃપાએ, વડિલોના આર્શીવાદ અને પોતાની મહેનત,
લગન અને ધગશથી શૈક્ષણિક કારકિર્દીના પથ પર
ચિ. પલક એ H.S.C (12th) ની પરિક્ષામાં 90% ગુણાંક મેળવી
પરિવારનું ગૌરવ વધારેલ છે.
એ બદલ એને ખુબ ખુબ હાર્દિક અભિનંદન...તથા ભવિષ્યમાં
પણ વધુ ને વધુ ઉચ્ચ લક્ષ્યો સિધ્ધ કરે અને સફળતા
પ્રાપ્ત કરે એવા અમારા અંતરના આશિષ...

**ચિ. પલક**
**મનોજ દંડ**
**સેવક ભરૂડિયા-મુલુંડ**

દાદાણાં (સેવક ભરૂડિયા)
માતુશ્રી તારાબેન કુંવરજી ખીમજી દંડ
માતા પિતા
અ.સૌ. કલ્પના મનોજ કુંવરજી દંડ
નાનાણાં (દલતુંગી)
માતુશ્રી ધનલક્ષ્મીબેન વિશનજી લાપસિયા
બહેન — બહેન બનેવી (સેવક ભરૂડિયા)
સ્તુતિ — અ. સૌ. ઉન્નતિ જિનેશ ભરત ધુલ્લા

# શ્રધ્ધાંજલિ

જન્મ :
તા. ૧૪-૬-૧૯૫૫



અરિહંત શરણ :
તા. ૧૭-૬-૨૦૧૭

## સ્વ. ચંદ્રસેન હિરાચંદ મોમાયા

પ્રકાશ સમીક્ષાના સહતંત્રી, શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટી, જ્ઞાતિ ઈતિહાસના ઊંડા અભ્યાસી, ચાર દાયકાથી ગુજરાતી પત્રકારિત્વમાં સમર્પિતપણે વ્યસ્ત, સંનિષ્ઠ સામાજીક કાર્યકર, સરળ સ્વભાવી નેક દિલ ઇન્સાન એવા આપની વિદાયથી અમને અવર્ણનીય ખોટ સદાયે સાલશે.

**પ્રકાશ સમીક્ષા સમિતી પરિવાર**

॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – નલીયા
# તથા તેના ગામના વાડા

## શ્રી નલીયા તિર્થે ચાતુર્માસ પ્રવેશ તથા
## પર્યુષણ પર્વમાં આરાધના કરવા ભાવભર્યું આમંત્રણ

દેવ-ગુરૂની અસીમ કૃપાએ શ્રી અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તી **પુ. મુનીશ્રી કંચનસાગરજી મ.સા.**નું ચાતુર્માસ પ્રવેશ. સંવત ૨૦૭૩ અષાઢ સુદ ૯ **રવિવાર તા. ૨-૦૭-૨૦૧૭** ના સવારે ૭.૦૦ વાગ્યે નલીયા તીર્થ પ્રવેશ કરશે. આ પ્રસંગે આપ સર્વે તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.

**પર્યુષણ પર્વની આરાધના કરવા સર્વ નલીયા ગામવાસી તથા ગામના વાડા અને નીયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

પર્યુષણ પ્રારંભ સંવત ૨૦૭૩ શ્રાવણ વદ ૧૩ શનીવાર તા. ૧૯-૦૮-૨૦૧૭ થી ભાદરવા સુદ ૬ રવિવાર, તા. ૨૭-૦૮-૨૦૧૭.

આપના આગમનની નલીયા મહાજનની ઓફીસના ફોન નં. 02831-222337 અને મોબાઈલ - 09106290646 (ભાવેશ)ને અગાઉ થી જાણ કરવા વિનંતી. જેથી યોગ્ય વ્યવસ્થા કરવામાં અનુકુલતા રહે. (ઉતારાની વ્યવસ્થા સામુહિક કરવામાં આવશે.)

પર્યુષણ પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિની વ્યવસ્થા મહાજનશ્રી તરફથી કરવામાં આવેલ છે.

લી. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – નલીયા વતી – ટ્રસ્ટીગણ**

॥ શ્રી સચ્ચાઈ માઁયે નમઃ ॥ ॥ શ્રીજી પીર બાપાયે નમઃ ॥

# ખોના કુળગોત્રના ભાવિકો, ખોના ફળીયા, નલીયા

શ્રી સચ્ચાઈમાઁ અને શ્રીજી પીર બાપાના સ્થાનકનું જીર્ણોધ્ધાર તથા સમારકામનું કામ ચાલુ છે.

## શ્રી સચ્ચાઈમાઁ ની સમુહ પહેડી

અષાઢ સુદ-૮ શનીવાર તા. ૦૧–૦૭–૨૦૧૭નાં સ્થાનકે ઉજવાશે.

પહેડી પ્રસાદનો લાભ લેશોજી.

**પહેડી પ્રસંગે પધારનાર ભાવિકોએ પોતાના નામો સમિતીનાં ભાઈઓ પાસે લખાવવા. જેથી વ્યવસ્થા માટે સુગમતા રહે.**

**સંપર્ક :**

| | | |
|---|---|---|
| ચેતન માણેકચંદ્ર ખોના | ગોરેગાંવ | – 093244 61894 |
| અમીત જેઠાલાલ ખોના | ડોંબિવલી | – 093217 05511 |
| ચીમનલાલ હીરજી ખોના | માટુંગા | – 098210 69255 |
| ફાલ્ગુન લખમશી ખોના | ભાંડુપ | – 098206 20499 |
| લીતેશ હીરાચંદ ખોના | ડોંબિવલી | – 096194 93472 |
| લલીત કુંવરજી ખોના (માતાજીના ભુવા) | ડોંબિવલી | – 099204 03950 |

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 25/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

**તંત્રી સમીપે**

## 'અનંતસિદ્ધિ'ના પુનર્વિકાસની યોજનાની પુનર્વિચારણા થવી જોઇએ...

દોઢેક મહીના પહેલાં અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટના ખર્ચે ભાંડુપની અનંતસિધ્ધિની મિલકતના પુનર્વિકાસ કરવાના તેમના નિર્ણય અંગેની જાહેરાત કરી હતી. ટ્રસ્ટીઓ દ્વારા તે બાબતે કાયદાકીય મુદ્દાઓ તપાસાઈ રહ્યા છે તેવી માહિતી પણ આપેલ છે.

આ રીતે કાનૂની પાસાઓનો અભ્યાસ કરવામાં ઠીક-ઠીક સમય લાગે તે સ્વભાવિક છે.

મહારાષ્ટ્રમાં ગત ૧ મેથી અમલમાં આવેલ નવા 'રેરા' કાયદાના નિયમનો દરેક પુનર્વિકાસ યોજનાને પણ લાગુ પડે છે. આ કાયદો અને તેના નિયમનોની જોગવાઈઓ ઘણી સખત છે. તેથી અનંતસિધ્ધિના પુનર્વિકાસ પ્રકલ્પ બાબતે ટ્રસ્ટીઓએ સર્વગ્રાહી કાનૂની ચકાસણી કરવી પડશે. ટ્રસ્ટીઓએ આ માટે ત્રણેક કાનૂની નિષ્ણાતોના અભિપ્રાય મેળવવા જોઈએ. સાથે સાથે તેઓ જ્ઞાતિના અગ્રણી બીલ્ડર-ડેવલપર્સના પણ સલાહ-સૂચન મેળવે તે પણ તેટલું જ જરૂરી છે.

એટલે, આ અગાઉ અત્રે નિર્દેશ કરેલ તેમ ટ્રસ્ટીઓ પાસે આ આખી જમીન-મિલકતના પુનર્વિકાસના પ્લાન-બ્લુ પ્રિન્ટ અને તેથી આનુષંગિક વિગતો સહિતનો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર હોય તો પણ હજી ચારેક મહીના સુધી આ પુર્નવિકાસ અંગે ક્યા પગલાં લેવા ઉચિત છે તેનું ચિત્ર સ્પષ્ટ થાય તેમ નથી. સંભવ છે કે ટ્રસ્ટના ખર્ચે આ પુનર્વિકાસ કરવાની યોજના ટ્રસ્ટીઓએ પડતી મૂકવી પણ પડે.

આ ઉપરાંત, ટ્રસ્ટીઓની નજીકના સુત્રોએ આપેલ માહિતી પ્રમાણે અનંતસિધ્ધિની જમીન-મિલકતની અડોખડ ભાંડુપ જિનાલય અને તેની સંલગ્ન જમીન પણ છે, જેનું એક અલગ સ્વતંત્ર ટ્રસ્ટ છે અને જેનો વહીવટ અનંતનાથ ટ્રસ્ટ હસ્તક છે. તે જમીનને અનંતસિધ્ધિની જમીન સાથે આમેજ કરીને ટ્રસ્ટીઓએ ઉક્ત રીતે તૈયાર કરેલ પ્લાનમાં સૂચિત નવા બાંધકામમાં મહત્તમ વિશાળ હૉલ કે વાડી બની શકે કે અન્ય કારણસર ભાંડુપ જિનાલયને અત્યારની સ્થિતિમાંથી બાજુમાં ખસેડવાનો પ્રસ્તાવ છે. જો આ માહિતી સત્ય હકીકત હોય તો ટ્રસ્ટીઓએ એ અંગે પણ મુંબઈ મહાજનની પૂર્વ પરવાનગી લેવી પડશે. આમ, જ્ઞાતિના એક મહત્વના આસ્થા સ્થાનમાં ફેરફાર કરવાની આવશ્યકતા છે કે નહીં તેનો ધાર્મિક લાગણીશીલતા કે સંવેદનશીલ મુદ્દો ભવિષ્યમાં ઊભો થાય તેની ગંભીરતા અત્યારથી જ સ્વીકારીને ટ્રસ્ટીઓ પ્રસ્તાવિત પ્લાનીંગમાં ભાંડુપ દેરાસરજી યથાવત રહેશે કે કેમ તેની સ્પષ્ટતા તાત્કાલિક ધોરણે કરે તેમજ આ અગાઉ અત્રે સૂચવ્યા અનુસાર અનંતસિધ્ધિના પુનર્વિકાસનું સમગ્રતયા ચિત્ર મુંબઈ મહાજન સમક્ષ સંપૂર્ણ પારદર્શિકતાથી રજુ કરે તે તેમના જ હિતમાં છે તે વિષે બે મત ન હોઈ શકે.

તેવી જ રીતે, એક અન્ય મુદ્દો પણ ખૂબ જ પ્રસ્તુત ગણી શકાય તેમ છે. આ પુનર્વિકાસની યોજનામાં જેમ અન્ય જમીન-માલિકો કે બિલ્ડર્સ - ડેવલપર્સ પ્લાનીંગ કરે છે તેમ બહારથી એટલે કે બજારમાંથી ટી.ડી.આર ખરીદ કરીને તેવા વધારાના બાંધકામનો પણ ઉક્ત પ્રોજેક્ટ રિપોર્ટમાં સમાવેશ થયો હશે જ તે નિર્વિવાદ છે.

બજારમાંથી આ પ્રકારે ટી.ડી.આર ખરીદવાને બદલે ટ્રસ્ટીઓ ટ્રસ્ટની માલિકીની જ કાંજુરમાર્ગની જમીનમાં મુંબઈના ૨૦૩૪ સુધી ડી.પી. પ્લાન હેઠળના અનેક આરક્ષણો છે તેની અવેજીમાં ટી.ડી.આર સર્ટિફિકેટ મેળવી તેનો ઉપયોગ અનંતસિધ્ધિના વિકાસકાર્યમાં કરી શકે છે અને એ રીતે ટ્રસ્ટના ખર્ચમાં ઘણી મોટી બચત થઈ શકે તેમ છે.

કાંજુરમાર્ગની જમીન પર જે વિવિધ આરક્ષણો પ્રસ્તાવિત છે તેમાં ડીસ્ટ્રીક્ટ સેન્ટર, ફ્લાવર માર્કેટ, ડિસ્ટ્રીક્ટ કોમ્યુનીટી ઝોન, ૨૭-૪૫ મીટર પહોળો ડી.પી. રોડ, નાળા, કુવા, પાઈપલાઈન, ઈલેક્ટ્રીક ટ્રાન્સમીશન લાઈન તથા કોસ્ટલ એરીઆ રેગ્યુલશન ઝોનનો સમાવેશ થાય છે.

ટ્રસ્ટીઓને આ આરક્ષણો વિરૂધ્ધ સંબંધિત અધિકારી સમક્ષ વાંધો નોંધાવેલ છે જે કેવળ ઔપચારિક પ્રકારનો છે. તેમાં કોઈ વિગતવાર કારણ દર્શાવેલ નથી તેથી તે કાયદાકીય રીતે અસરકારક ન ગણાય તે હકીકતને બાજુએ મૂકીએ તો પણ કમ સે કમ ઉપરોક્ત ડી.પી.રોડ માટેનું આરક્ષણ રદ થાય તેની શક્યતા નહિપત છે એટલે ઓછામાં ઓછી લગભગ ત્રણેક હજાર મીટર જમીન તો ટ્રસ્ટે સંબંધિત ઓથોરીટીને સોંપવા સિવાય કોઈ વિકલ્પ નથી તે ચોક્કસ છે.

મુંબઈનો ૨૦૩૪ના વર્ષ સુધીનો ઉક્ત ડી.પી. પ્લાન આગામી છએક મહીનામાં આખરી લાવાનો છે ત્યારે ટ્રસ્ટીઓને જેટલા પણ આરક્ષણો કાયમી બનશે તેમ ક્ષેત્રફળ - મોપના ટી.ડી.આર સર્ટીફિકેટ મળો તેનો ઉપયોગ અનંતસિધ્ધિના પ્રકલ્પમાં કરી શકાશે અને તે રીતે બજાર કિંમતે એટલા ક્ષેત્રફળના ટી.ડી.આર હક્કો ખરીદવાની જરૂર રહેશે નહીં.

પબ્લીક ટ્રસ્ટ એક્ટ હેઠળ અને મૂળભૂત સૈધ્ધાંતિક દષ્ટિકોણથી એ જરૂરી બને છે કે ટ્રસ્ટીઓ એક વિચારશીલ વ્યક્તિની જેમ પોતાની એક થી વધારે મિલકતોનો વહીવટ અને ઉપયોગ કરતી વેળા સમન્વયી અને સર્વાંગી બુધ્ધિગમ્ય વિચારણા કરે. તેમણે કોઈ એક મિલકતને અલગ સ્વતંત્ર રીતે જુદી ન ગણતાં તેને શેષ મિલકતોની જે વર્તમાન ક્ષમતા હોય કે નજીકના ભવિષ્યમાં જે ક્ષમતા પ્રાપ્ત થવાની હોય તેની ઉપયોગિતાનો તેમજ ટ્રસ્ટની સમગ્ર આર્થિક આવક-જાવકના વિનિયોગ સાથે સાંકળીને ટ્રસ્ટ અને લાભાર્થીઓનું શ્રેષ્ઠ હિત જળવાળ તે રીતે વહીવટ કરવાની ફરજ છે.

આશા રાખીએ કે ટ્રસ્ટીઓ અનંતસિધ્ધિના પુનર્વિકાસની યોજનાને પોતાની પ્રતિષ્ઠાનો મુદો બનાવ્યા વિના ટ્રસ્ટના ખર્ચે બીલ્ડરની સમકક્ષની રોજ બરોજની બાંધકામ અંગેની તેમજ 'રેરા' જેવા કાયદા સહિતની કાયદાકીય અનુપાલન તથા પૂર્તિ નિભાવવાની ગંભીર જવાબદારીઓ અને આર્થિક જોખમો લઈને અનંતસિધ્ધિના પુનર્વિકાસનું ભગીરથ કાર્ય ટ્રસ્ટે કરવું જોઈએ કે કેમ તે મુદે સમસ્ત જ્ઞાતિના હિતમાં જ્ઞાતિના પ્રતિષ્ઠિત બીલ્ડર્સ - ડેવલપર્સ અને વ્યવસાયિકો સાથે પુખ્ત વિચાર - વિમર્શ કરી ટ્રસ્ટના ખર્ચે આ પુનર્વિકાસ કરવાની યોજના પર પુનર્વિચારણા કરી તેને પડતી મૂકે અને વૈકલ્પિક યોજનાનો અભ્યાસ કરે. - રા.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા.

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
- સાચી /ટેસ્ટેડ જરીની સાડીઓ - ચણીયા ચોલી
- ઘરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

સોમવારે બંધ

## પરબે ૨૬મી પગદંડીએ નવીન કેડી કંડારી

૧૮ કે.ડી.ઓ. મહિલાઓએ સમાજ સેવાનો સંકલ્પ કર્યો. પરબ નામે એક બી જમીનમાં વાવેલું. તે છોડમાંથી આજે અનેક પુષ્પો ખીલ્યા. સમયના વહેણ સાથે આજે એક મસમોટું વૃક્ષ બની અનેકાનેકને શીતલ છાંય બની ટાઢક આપે છે.




આટલી લાંબી મંઝીલ સહજતાથી સરળતાથી સંઘર્ષનો સામનો કરી પાર કરી, નૂતન અભિગમો સાથે આગેકૂટ કરી રહી છે તેના સર્વે મેમ્બરોને સાદર વંદન.

મહિલાઓને સ્વાવલંબી બનાવવાના પ્રયાસમાં એક અદ્‌ભૂત ક્રાંતિ લાવી છેવાડેના પરિવારને પણ પ્રગતિના પંથે દોરવા તેના કુટુંબમાં તેમનું માન-સન્માન જળવાય અને આવક જાવકના બન્ને છેડા મળી શકે તે હેતુથી લોન કે મદદરૂપે આર્થિક સહકાર આપી અનેકની જિંદગીમાં નવી દિશા દોરી છે, તે અભિનંદનીય છે.

મોટા ઘરની વહુઓ અને દિકરીઓ પોતાનો ફાજલ સમય સમાજ કલ્યાણમાં વાપરે તો કેટલા સુંદર અને સરસ પરિણામો લાવી શકે તે આપ સૌ કાઈએ પુરવાર કર્યુ છે. અનેક શુભકામનાઓ પાઠવીએ છીએ.

**– હીરા કુલીનકાંત લુઠીયા અને કુલીનકાંત ચાંપશી લુઠીયા**

## Matter of Pride

The opening of our Shri Arihant Co-Op Bank Ltd., Branch in Matunga, on Sunday 11.06.2017, is a matter of pride for all K.D.O's. Matunga is a very prestigious Jain Locality and various Jain institutions. Our Bank will certainly gain very good patronage from our brethren.

The opening ceremony function's date could have been planned well in advance so that all the invitees and attendees could have been offered the comfort of any of the nearby Halls. Unfortunately the function was perforce held just outside the Banks premises. The rains and the rather small pandal added to the discomfort of the guests. We should have utilised this function to honour our community's stalwarts and philanthropists. Such a gesture would have added a special flavour to the proceedings. Sadly we missed the opportunity to extend our hospitality to all concerned.

**- Dharmendra Ratilal Nagda**
Jakhau Matunga.


**“અનંતનાથના દરબારે થાશે પૂજ્યશ્રીનો પ્રવેશ, સંઘવાસીઓના હૈયામાં થાશે રત્નત્રયીનો સમાવેશ...”**

**પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.**ની અસીમ કૃપાથી અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.**ની આજ્ઞા આશિષે. **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.**ના શુભ આશિષે તથા ત્રણ નૂતન આચાર્ય ભગવંતોના આશીર્વાદ **પ.પૂ. સાધ્વી મુખ્યા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. સાધ્વી શ્રી નંદીષેણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી શાસનપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી સુનયનાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૩ નું ચાતુર્માસ આપણા સંઘના આંગણે મહાભાગ્યોદયે પ્રાપ્ત થયું છે. આચાર્ય ભગવંતનો શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ તથા શ્રી ક.દ.ઓ. મસ્જિદબંદર જૈન સંઘ મુંબઈ સદા ઋણી રહેશે.

**પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ** : અષાઢ સુદ ૧૨ તા. ૦૫-૦૭-૨૦૧૭ બુધવારના સલોણી શુભ સવારે ૭.૧૫ કલાકે શ્રી ક.વી.ઓ. જૈન મહાજનવાડી ચીંચબંદર થી સામૈયું વાજતે ગાજતે થશે.

(નવકારશી અનંત સદન, અનંતનાથ દેરાસરની સામે, મસ્જિદ બંદર)

**સર્વ સંઘો, મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ...**

KDO લિ. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જીદ બંદર જૈન સંઘ, મુંબઈ**

**“આદેશ્વરદાદા દરબારે ચાતુર્માસની વધામણી અવસર આવે છે, કરવા આત્માની કમાણી”**

**આનંદ, હર્ષ અને ઉલ્લાસભેર જણાવતાં**
**અમારા મનનો મોરલીયો નૃત્ય કરે છે. કારણ છે,**

અચલગચ્છાધિપતિશ્રી તપચક્રવર્તી **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.**ની આજ્ઞા આશિષે. **પ.પૂ. સાધ્વીશ્રીજી ચારૂલતાશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રીજી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા, **પ.પૂ. સાધ્વીશ્રીજી ધર્મપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રીજી નવકારપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રીજી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રીજી જિનપ્રિયાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૪નું સંવત ૨૦૭૩ની સાલનું વર્ષાવાસ શ્રી આદિનાથજી જિનાલય, અનંત સિધ્ધિ, ભાંડુપને પ્રાપ્ત થયેલ છે.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ તથા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, ભાંડુપ પૂ. આચાર્યદેવના** ખૂબ ખૂબ ઋણી છે. સૌ આરાધકોને ચાતુર્માસ દરમ્યાન આરાધનામાં જોડાવવા ભાવભર્યું આમંત્રણ.

**ચાતુર્માસ પ્રવેશ** : અષાઢ સુદ ૫ બુધવાર તા. ૨૮-૦૬-૨૦૧૭ સામૈયું સવારના ૮.૧૫ કલાકે

(નવકારશી સવારના ૭.૧૫ થી ૮ કલાકે નરશી નાથા સભાગૃહ, અનંત સિધ્ધિ, ભાંડુપ) સર્વે સંઘો, મહાજનોને વેળાસર પધારી લાભ આપવા વિનંતી.

KDO લિ. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ**

|| શ્રી શાંતિનાથાય નમઃ || || શ્રી મહાવીર સ્વામી નમઃ || || શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

# કચ્છી જૈન ફાઉન્ડેશન પ્રેરીત
# કચ્છી જૈન સંઘ - લારકીન્સનગર
## ના આંગણે ગૃહચૈત્ય જિનાલયે ચલ પ્રતિષ્ઠા ત્રિહાન્હિકા મહોત્સવ





મહોત્સવ પ્રારંભ : જેઠ સુદ-૩, રવિવાર, તા. ૨૮.૦૫.૨૦૧૭
મહોત્સવ પુર્ણાહૂતિ : જેઠ સુદ-૫, મંગળવાર, તા. ૩૦.૦૫.૨૦૧૭

❖ **દિવ્યાશિષ સામ્રાજ્ય** ❖

શાસન સમ્રાટ્, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ
આચાર્ય ભગવંત **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

❖ **ભવ્યાજ્ઞા માંગલ્ય** ❖

અચલગચ્છાધિપતિ, તપ ચક્રવર્તિ, પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

ભવ્યનિશ્રા સાફલ્ય - પ્રેરણા દાતા : સૂરિમંત્ર પંચ પ્રસ્થાનારાધક, સૌમ્ય સ્વભાવી, અનેક તીર્થોદ્ધારક, સાહિત્ય દિવાકર
અમારા સંઘના ઉપકારી પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

**શ્રમણવૃંદ ઉપકારી :**
પ.પૂ. મુનિરાજ
**શ્રી ભદ્રંકરસાગરજી મ.સા.**
પ.પૂ.મુનિરાજ
**શ્રી હેમચંદ્રસાગરજી મ.સા.**
પ.પૂ.મુનિરાજ શ્રી દેવરક્ષિતસાગરજી મ.સા.
પ.પૂ.મુનિરાજ શ્રી હેમરક્ષિતસાગરજી મ.સા.

**શ્રમણીવૃંદ ઉપકારી :**
પ.પૂ.સાધ્વી
**શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.**
આદિ ઠાણા-૨
પ.પૂ.સાધ્વી
**શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.**
આદિ ઠાણા-૨

ચરમ તીર્થાધિપતિ, પ્રભુવીરના વારસદાર, સૌમ્ય સ્વભાવી, અનેક તીર્થોદ્ધારક, સાહિત્ય દિવાકર અમારા સંઘના ઉપકારી પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબનુ રવિવાર, તા. ૨૮.૦૫.૨૦૧૭ શુકનવંતી સવારે, પુણ્યવંતી ધરા લારકીન્સ નગરે ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ, જેમાં શ્રાવક તેમજ સૌભાગ્યવંતી શ્રાવિકાઓ બેડાઓના શણગાર સહ ભૂલકા, બાળકો અને બાળાઓ, ઢોલ-શરણાઇના સૂરે જોડાયા હતા, જિન શાસનના ધજા પતાકાઓ ગણેશનગરના માર્ગે લહેરાવતા સર્વે યુવાઓ ઉત્સાહ પૂર્વક શ્રી સંઘની શોભામાં અભિવૃદ્ધિ કરતાં રહ્યા. જ્યાં ગુરૂ ભગવંતોના દર્શન દુર્લભ હોય ત્યાં અમને પ્રભુ તૂલ્ય ગુરૂભગવંત **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી હેમચંદ્રસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી ભદ્રંકરસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા.** ના દર્શન-વંદન-વાણી સહ ચતુર્વિધ સંઘનો લાભ મળ્યો.

ગુરૂદેવના મુખેથી ગૃહચૈત્ય જિનાલયે આરસની પ્રતિમા સ્વરૂપે પ્રભુ મહાવીર સ્વામીની પ્રતિમા ચલ પ્રતિષ્ઠિત કરવા તેમજ ઉપસ્થિત શ્રી સંઘના અગ્રણી **શ્રી ઠાકરશી કેશવજી ગડા (નાના રતડીયા)** અને **શ્રી જીગ્નેશ લખમશી દેઢીયા CA** (ગઢસીસા) અને સંઘના સર્વાનુમતે સોમવાર, તા. ૨૯.૦૫.૨૦૧૭ના શુભ મુહૂર્તે શ્રી નવનીત નગરે પ્રભુ મહાવીરની ઉત્થાપન વિધિ, પ્રભુજીનો નગર પ્રવેશ, પોંખણા વિધિ, પ્રભુજીનો ગૃહચૈત્યે પ્રવેશ, પ્રભુજીની સ્થાપના અને ચલ પ્રતિષ્ઠા વિધાન, દ્વારઉદ્‌ઘાટન નિર્ધારીત સમયે યોજાવાનું નક્કી કર્યું. તે માટેના સર્વે ચડાવા સર્વાનુમતે લેવા નક્કી થયા.

પ્રભુ મહાવીરની ઉત્થાપન વિધિ, પ્રભુજીનો નગર પ્રવેશ, પોંખણા વિધિ, પ્રભુજીનો ગૃહચૈત્યે પ્રવેશ, પ્રભુજીની સ્થાપના અને ચલ પ્રતિષ્ઠા વિધાન, કંકુના થાપા, દ્વારઉદ્‌ઘાટન વગેરેના ચડાવા અને તા. ૨૮.૦૫.૨૦૧૭ થી તા. ૨૯.૦૫.૨૦૧૭ની નવકારશીનો પણ સંપૂર્ણ લાભ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા પ.પૂ.સા.**શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.**ની પ્રેરણાથી **સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધર) હસ્તે : અ.સૌ. હંસા જીજ્ઞેશ લોડાયા (ડોંબિવલી)** હર્ષોલ્લાસ અને ઉછળતા ભાવે અમૂલ્ય લાભ લીધો. ઉપસ્થિત વરિષ્ઠ મહાનુભાવોમાં કચ્છી જૈન ફાઉન્ડેશનના ટ્રસ્ટીગણ **શ્રી ચંદ્રકાન્ત વલ્લભજી ગોગરી (નાના ભાડીયા), શ્રી દીપકભાઇ ધારશી ભેદા (મોખા), શ્રી મુલચંદભાઇ ગંગર (ટુંડા), શ્રી હસમુખભાઇ હરીયા (હમલા મંજલ), શ્રી જીગ્નેશ લખમશી દેઢીયા CA** (ગઢસીસા), શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇના પ્રમુખ **શ્રી કલ્પેશભાઇ માણેકજી મોતા,** માનદ્‌મંત્રી **શ્રી રમેશભાઇ હીરજી લોડાયા, શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી**ના પદાધિકારીઓ, **શ્રી નરેન્દ્ર જેતશી શિયાલ, શ્રી રાયચંદ દેવશી જીવાણી, શ્રીમતી વિજયાબેન દિનેશ લોડાયા** પણ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૯.૦૫.૨૦૧૭ના શુભ સવારે આજ પ્રભુ મહાવીર સ્વામીનો નગર પ્રવેશ થયો. નિર્ધારીત સમયે વિવિધ વિધાનો યોજાયા. પ્રભુ ગાદીનશીન થયા. જયઘોષ થયા, વરૂણ દેવ પણ આ પ્રતિષ્ઠામાં જોડાયા. શ્રી લારકીન્સનગર યુવક મંડળે પ્રભુ ભક્તિ ભાવના કરી ભક્તિમય વાતાવરણ બનાવ્યું. તા. ૩૦.૦૫.૨૦૧૭ના શુભ પ્રભાતે દ્વાર ઉદ્‌ઘાટન વિધાન **પ.પૂ.મુનિરાજ શ્રી દેવરક્ષિતસાગરજી મ.સા.**ની નિશ્રામાં થયેલ.

ત્રિહાન્હિકા મહોત્સવને ચાર ચાંદ લગાડનાર લારકીન્સનગરના શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડા, શ્રી ઠાકરશી હેમરાજ દેઢીયા, શ્રી કલ્પેશ ખુશાલચંદ ધરમશી, શ્રી જયંતિલાલ આણંદજી વીરા, શ્રી કલ્યાણજી લાલજી છાડવા, શ્રી અશોક વલ્લભજી ગાલા, માતુશ્રી જયવંતીબેન રતનશી ગાલા, શ્રી નરેશ જયંતિલાલ મૈશેરી, શ્રી પ્રતિક વલ્લભજી ગાલા, શ્રીમતી મનિષા દિલિપ વિકમશી, શ્રીમતી બીના હીતેન ગડા, શ્રીમતી સ્મીતા વિજય નાગડા સહ લારકીન્સનગરના સમસ્ત યુવા કાર્યકર્તા, સામાયિક મંડળ અને નામી-અનામી કાર્યકર્તાઓની શ્રી સંઘ ખુબ-ખુબ અનુમોદના કરે છે. ભવિષ્યમાં પણ આવોજ સાથ સહકાર આપતા રહેજો.

લિ. ટ્રસ્ટીઓ કચ્છી જૈન ફાઉન્ડેશન

## ભૂકંપ અને યુદ્ધે કચ્છનાં ઈતિહાસ- ભૂગોળ બદલી નાખ્યાં છે

આઝાદી પછીના કચ્છના ઈતિહાસ પર નજર કરીએ તો કેન્દ્ર શાસિત પ્રદેશથી માંડીને ગુજરાત સાથેના જોડાણ સુધીની કચ્છની બદલાયેલી શાસકીય-વહીવટી વ્યવસ્થા, કરાંચીના વિકલ્પે કંડલાને મહાબંદર તરીકે વિકસાવવાના સાતત્યભર્યા પ્રયાસ, અવારનવાર પડતા દુકાળ, બબ્બે વાવાઝોડાં અને ખાસ તો ૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ ઉપરાંત ૧૯૬૫ના છાડબેટ સહિતના રણ પર નાપાક આક્રમણ જેવી ઘટનાઓએ કચ્છના રાજકીય, ભૌગોલિક, સામાજિક અને આર્થિક ભાવિનો ઘાટ ઘડવામાં ચાવીરૂપ ભાગ ભજવ્યો છે. સાડાછ દાયકાના આ સમયગાળા દરમ્યાન દૂરગામી અસર કરતી મહત્ત્વની ઘટનાઓના લેખાંજોખાં કરીએ છીએ તો બે વર્ષ ૧૯૬૫ અને ૨૦૦૧ અલગ તરી આવે છે. આઝાદી પછીના સમયમાં આ બે વર્ષ કચ્છ માટે સૌથી યાદગાર વર્ષ હતાં. ૧૯૬૫નું વર્ષ નાપાક આક્રમણ અને એને પગલે છાડબેટ ગુમાવવાનો વારો આવતાં કચ્છની ભૂગોળ બદલાઈ જતાં નકારાત્મક રીતે તો યાદગાર હતું જ પણ કંડલા ફ્રી ટ્રેડ ઝોનની પાયાવિધિ સહિતની બીજીયે નોંધનીય અને દૂરગામી અસર પાડે એવી ઘટનાઓ પણ આ જ વર્ષમાં બની હતી. તેથી સકારાત્મક રીતેય તે યાદગાર વર્ષ હતું. અલબત્ત, ૨૦૦૧ના ધરતી તાંડવ - કુદરતના મહાઅભિશાપ-ને અવસરમાં પલટીને કચ્છમાં નવસર્જનનો ઈતિહાસ સર્જાયો એનો જોટો બીજે ક્યાંયે જોવા મળે તેમ ન હોવાથી કચ્છના ઈતિહાસના સૌથી યાદગાર વર્ષ તરીકેનું પ્રથમ સ્થાન તો ૨૦૦૧ને જ મળે.

૨૦૦૧ પહેલાં કચ્છની મુલાકાત લેનાર વ્યક્તિ દોઢ દાયકા પછી આજે એકાએક અહીં આવી ચડે છે તો આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય એટલી હદે કચ્છની કાયાપલટ થઈ ચૂકી છે. એક સમયે દુકાળિયા અને પછાત વિસ્તાર તરીકે જાણીતો મુલક આજે ગુજરાતના વિકાસનો માણેકથંભ બની ગયો છે. મહાવિનાશક ભૂકંપ પછી કચ્છને આર્થિક રીતે બેઠું કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે ટેક્સ હોલિડેની જાહેરાત કરી ત્યારે કોઈને કલ્પના પણ નહીં કરી હોય કે ઔદ્યોગિક મૂડીરોકાણનો પ્રવાહ સરહદી જિલ્લા ભણી વળી જશે અને એક દાયકામાં તો એ દોઢ લાખ કરોડ રૂપિયાની આકાશી ઊંચાઈએ પહોંચી જશે. કોઈપણ માપદંડથી મૂડીરોકાણનો આ આંક ઔદ્યોગિક ક્રાંતિના પુરાવા સમાન છે. આઝાદી પછીનાં પચાસ વર્ષમાં જે નથી થઈ શક્યું એ માત્ર એક દાયકામાં ચમત્કાર સર્જાયો હોય એ રીતે થયું છે. આ ઉપરાંત ૬૦૦ કિ.મી. દૂરથી નર્મદાનાં


।। શ્રી અનંતનાથાય નમઃ ।।

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

સંચાલિત

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

[Regd. under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM) Dated 24-2-1988]

KDO
અણમોલ જ્ઞાતિ અનંત ગૌરવ

SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST — WE CARE — OUR MISSION IS YOUR HEALTH

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,
શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ - ૪૦૦૦૦૯. ફોન : ૨૩૪૪૮૨૭૪

ખુશ ખબર ! ખુશ ખબર !! ખુશ ખબર !!!

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ જ્ઞાતિજનો સમક્ષ લાવી રહ્યું છે. પેથોલોજી લેબ, મુલુન્ડમાં જે મુંબઇ સીએસટી થી મુંબઇ પરાં વિસ્તારોમાં રહેતા જ્ઞાતિજનોને મધ્યમાં અને અનુકુળ થઇ રહે તે હેતુ થી જ્ઞાતિજનોના હિત માટે 'રાહતના દરે' આ યોજના શરૂ કરવામાં આવશે. જેમાં નિષ્ણાત ડોક્ટરોના રીપોર્ટ રહેશે. પેથોલોજી લેબના શુભારંભની જાણ ટુંક સમયમાં કરવામાં આવશે.

પેથોલોજી લેબ સરનામું : શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ, ગ્રાઉન્ડ ફ્લોર,
લધાણી હાઉસ, વાલજી લધા રોડ, હીરા મોંઘી હોસ્પીટલની સામે, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૮૦.





લિ. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વતી - ટ્રસ્ટીગણ

પાણી પાઇપલાઇન મારફત પહોંચાડીને કચ્છી માડુની તરસ કાયમ માટે બુઝાવવાનું અભિયાન, સ્વતંત્ર કચ્છ યુનિવર્સિટીની રચના, ભારતના પ્રવાસન નકશામાં કચ્છના રણને સ્થાન અને માળખાકીય સુવિધાઓના ચોગરદમ પથારાને ધ્યાનમાં લઇએ છીએ ત્યારે એમ લાગે છે કે કચ્છનો ખરે જ સર્વાંગી વિકાસ ભૂકંપ પછી થયો છે.

ઐતિહાસિક નવસર્જન અને બેનમૂન વિકાસકૂચની યશગાથાના એકથી વધુ સહભાગી છે. પ્રથમ તો કચ્છી પ્રજા જે અનેક કુદરતી આપત્તિઓનો સામનો કરીને રાખમાંથી ફરી બેઠા થવાનું ખમીર ધરાવે છે. તે પછી રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને વૈશ્વિક નાણાં સંસ્થાઓ. બહારથી જે પણ નાણું આવ્યું તે બરાબર વપરાય એની તકેદારી રાજ્ય-શાસને રાખી હતી. એ જ રીતે નવસર્જનની પ્રક્રિયામાં ઓનર ડ્રીવન પોલિસીના ઘડતર તેમ જ અમલીકરણમાં બિનસરકારી સંસ્થાઓએ ચાવીરૂપ ભાગ ભજવ્યો હતો એનીયે નોંધ લેવા જેવી છે. કચ્છની ઔદ્યોગિક અને સર્વાંગી વિકાસકૂચ ગુજરાત સરકારે આદરેલા અભિયાનને અને ખાસ તો એ સમયના મુખ્યપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને આભારી છે. અલબત્ત, આ તબક્કે કચ્છી ઉદ્યોગ પ્રધાન સુરેશચંદ્ર મહેતાને પણ યાદ કરવા જોઇએ, કારણ કે ટેક્સ હોલિડે સહિતના આકર્ષણોની નીતિના તેઓ પ્રણેતા હતા. તો અટવાઇ ગયેલી ભુજ પુનર્વસનની ગાડીને પાટે ચઢાવવાથી માંડીને જૂના શહેરમાં રિંગરોડ સહિતની ટી.પી. સ્કીમ અમલી કરવામાં તેમ જ રણોત્સવ જેવા આયોજનમાં ચાવીરૂપ ભાગ ભજવનારા કલેક્ટર પ્રદીપ શર્માનેય યાદ કરવા રહ્યા.

રોડ માર્ગે કચ્છમાં પ્રવેશ કરતાં જ ઔદ્યોગિક વિકાસનો અહેસાસ થઇ જાય છે. સૂરજબારી, સામખિયાળી અને ભચાઉ, ત્યાંથી એક તરફ ગાંધીધામ-અંજાર થઇને મુંદ્રા સુધી તો બીજી તરફ ભુજ સુધી હાઇવે પર ઔદ્યોગિક વિકાસનો ધમધમાટ-ચહલપહલ નજરોનજર જોઇ શકાય છે. તો ક્યાંક વળી બેસુમાર ધુમાડો ઓકતી ચીમનીઓ અને પ્રદૂષિત વાતાવરણની ગૂંગળામણ પણ અનુભવાય છે. સુંદર ઇમારતોવાળા ઉદ્યોગોની પડખે ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓયે નજરે પડે છે, તો કચ્છમાં પ્રવેશતાં જ કાંઠાળ વિસ્તાર નજીક સંખ્યાબંધ પવનચક્કીઓ દેખાય છે અને પછી તો કચ્છમાં જ્યાં જાવ ત્યાં આ પ્રકારે ઊર્જા પેદા કરવાના પ્રોજેક્ટ દૃશ્યમાન થાય છે. માળખાકીય સુવિધાઓ પણ ઊડીને આંખે વળગે છે. છેક ગાંધીધામ સુધી ફોર લેન રોડ, ત્યાંથી મુંદ્રા અને માંડવી થઇને અબડાસા તરફ જતો ધોરીમાર્ગ, બબ્બે વિમાની મથક કંડલા અને ભુજ. ઉપરાંત મુંદ્રામાં

## ચાતુર્માસ પ્રવેશ એવં બહુમાન કાર્યક્રમ

તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞા એવં આશીર્વાદથી એમના આજ્ઞાનુવર્તીની શાસન પ્રભાવિકા **પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. જયદર્શિતાજી મ.સા.** આદી ઠા. ૨ નો ચાતુર્માસ પ્રવેશ આષાઢ સુદ ૩ **સોમવાર, તા. ૨૬ જુન ૨૦૧૭ના શ્રી સંભવનાથ જિનાલય – શિવાજી નગર, વાકોલા બ્રીજ** થી સવારના ૯.૨૦ ક. વાજતે ગાજતે શ્રી કલિકુંડ જિનાલય સાંતાક્રુઝ (ઈ.) માં થશે. પ્રાસંગિક પ્રવચન સહ પુસ્તકોનું વિમોચન થશે.

સાધર્મિક ભક્તિ પછી તરત બપોરના ૧.૦૦ ક. શ્રી શત્રુંજય એકેડમી તરફથી શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમના વિદ્યાર્થીઓના બહુમાનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

**શ્રી શત્રુંજય એકેડેમી દ્વારા પૂ. ગચ્છાધિપતિશ્રીના સુવર્ણ વર્ષીતપ મહોત્સવ નિમિત્તે પ્રકાશિત ગ્રંથના લાભાર્થી પરિવારની અંતરની અનુમોદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.**

૫૦


સહુને સર્વ પ્રસંગોમાં પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**સ્થળ :**

**શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન દેરાસર**

ટી.પી. એસ. રોડ નં. ૫, જૈન મંદિર માર્ગ, સાંતાક્રુઝ (ઈસ્ટ).





લી. **શ્રી શત્રુંજય એકેડેમી** વતી

પ્રમુખ : **શ્રી મનિષ ભવાનજી લોડાયા,** ચાલીસગામ

અદાણીનું ખાનગી વિમાની મથક. કચ્છમાં કંડલા મહાબંદર તો આમેય હતું, પણ દોઢ દાયકામાં ખાનગી અદાણી બંદરે સાધેલો વિકાસનો તો જોટો બીજે ક્યાંય જોવા મળે તેમ નથી. વધુમાં કંડલા અને મુંદ્રામાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોન. એક જ જિલ્લામાં આટલી બધી માળખાકીય સુવિધાઓ અને ઔદ્યોગિક વિકાસ કલ્પનાતીત છે.

જોકે, ઉદ્યોગીકરણે પણ કેટલીક ગંભીર સમસ્યાઓ સર્જી છે. અગાઉ કચ્છ માટે વિકાસ એક પ્રશ્ન હતો અને આજે વિકાસે સર્જેલા પ્રશ્નો છે. દા.ત. પર્યાવરણને જફા, ભૂગર્ભ પાણી બેફામ ઉલેચાતાં થતું નુકસાન, ઘટતી જતી ગૌચર જમીન, ઉદ્યોગ સંબંધિત અકસ્માતો, કામદારોનું શોષણ વિગેરે. પણ આ એક અલગ વિષય છે. આપણી મૂળ વાત દૂરગામી અસર કરતી ઘટનાઓના વર્ષની છે અને એ રીતે ૨૦૦૧નું વર્ષ શિરમોર છે. આજે સામાન્ય કચ્છીની બોલચાલમાં ધરતીકંપનો ઉપયોગ 'સમય ખંડ' તરીકે થાય છે. દા.ત. વાત કરતી વખતે સહેજે એમ કહેવાઇ જાય છે કે, ધરતીકંપ પહેલાં આમ હતું અને ધરતીકંપ પછી આમ થયું. વિકાસની વાત હોય કે પાણીની વાત હોય પણ ભૂકંપ પહેલાં અને પછીના સમયની તુલના લોકો કરતા રહે છે.

પણ ૧૯૬૫નું વર્ષ યુદ્ધ સિવાયે યાદગાર હતું. યુદ્ધમાં કેન્દ્રીય અનામત પોલીસ દળના જવાનોએ સરદાર ચોકીનું રક્ષણ નજીવા હથિયારો સાથે કર્યું તેની વીરકથા, કલેક્ટર એસ.જે. કોહેલ્હોની અદ્વિતીય ભૂમિકા, છાડબેટ પાકિસ્તાનને સોંપતો ટ્રિબ્યુનલનો ચુકાદો, કચ્છ સત્યાગ્રહમાં રાષ્ટ્રીય નેતાઓની સામેલગીરી, ગુજરાતના એ સમયના મુખ્યપ્રધાન બળવંતરાય મહેતાની શહાદત વિગેરે ઘટનાઓની વિગતે વાત


|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

**ગાંધીધામ – કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર**

**ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન**

સંપર્કઃ **શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ** (દંડ), બાયઠવાળા

**099798 55686**



**કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*


૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / રવિવારે બંધ** **Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976**


KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**



**સ્વ. ચંદ્રસેન હિરાચંદ મોમાયા**
જન્મ : તા. ૧૪-૬-૧૯૫૫
અરિહંત શરણ : તા. ૧૭-૬-૨૦૧૭

## ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ

**માનવીની સુવાસ એટલે તેની માણસાઈનો મઘમઘાટ...**
**બુજાઈ ગયો દિપક રહી ગયો અવનીએ ઝગમગાટ...**
**ઓલવાઈ પ્રજવલિત જ્યોત, મધદરિયે આવી ખોટ...**
**સમાજને પડી અગણિત ખોટ, પથદર્શક બનશે તમારી કર્મજ્યોત...**
**આપની યાદોને સંભારણું બનાવી જીવંત રાખશું સદાય...**
**અમારી પ્રભુને પ્રાર્થના રાખે ઉઘાડા મોક્ષના દ્વાર...**
**આપનો આત્મા પામે પરમ શાંતિ એજ હૈયે હામ...**

**સદગત્‌ની આત્મશાંતિ માટે પ્રભુ પ્રાર્થના સહ**
**ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ.....**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**સર્વે પદાધિકારીઓ અને સર્વે સમિતિ સભ્યો**


**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર**
**અને તેના સાધારણ ફંડો સર્વે ટ્રસ્ટીગણ**

આપણે અગાઉ કરી ગયા છીએ. પરંતુ એ સિવાયની ઘટનાઓની વાત કરીએ તો આ યુદ્ધને કારણે જ મુંબઈ–કરાચી વાયા માંડવી સ્ટીમર સેવા હંમેશને માટે બંધ થઈ ગઈ. જોકે ભુજ– ખાવડા રોડ કચ્છને મળ્યો અને એ દરમ્યાન જ કેટલાક સરહદી વિસ્તારમાં પાંચમી કતારિયાઓની વાંધાજનક પ્રવૃત્તિઓ ધ્યાનમાં આવતાં નરા જેવા વિસ્તારમાં પંજાબના ખડતલ ખેડૂતો વસાવવાનો નિર્ણય લેવાયો હતો. કચ્છને સરહદી વિસ્તારની રૂએ આકાશવાણીનું કેન્દ્ર પણ '૬૫માં જ મળ્યું. વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના હસ્તે કંડલા ફ્રી ટ્રેડ ઝોનનું ઉદ્ઘાટન '૬૫માં જ થયું જે કચ્છના આર્થિક વિકાસનું આગળ જતાં સિમાચિહ્ન બની ગયું હતું. આજે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન અસ્તિત્વમાં છે ત્યારે એના પૂર્વાપરના સંબંધો તપાસતાં તેના બીજરૂપ ઘટના તરી આવે છે. ભુજ–અમદાવાદ રેલ સંપર્ક '૬૫માં જ થયો અને કચ્છ–સૌરાષ્ટ્રને જોડતા સૂરજબારી પુલના આયોજનને અંતિમ ઓપ અપાયો.

આ ઉપરાંત સમગ્ર રાષ્ટ્રની નજરે અતિ મહત્ત્વની વાત એ કે સીમા સુરક્ષા દળ એટલે કે બી.એસ.એફ.ની રચનાનું નિમિત્ત પણ '૬૫નું યુદ્ધ બન્યું હતું. ૧૯૬૫ પહેલાં દેશભરની સરહદો પર રાજ્ય અનામત પોલીસ કે કેન્દ્રીય અનામત પોલીસ દળના જવાનોને છૂટાછવાયા મથકો પર ગોઠવી દેવાયા હતા. પણ '૬૫ના પાકિસ્તાની આક્રમણને પગલે સરહદી દળની જરૂરિયાત સંતોષવાને અગ્રતા અપાઇ અને સીમા સુરક્ષા દળની રચના થઇ. આજે ૫૦મા વર્ષમાં આ દળ ભારતની સીમાઓની રક્ષા કરતા સૌથી મહત્ત્વના દળ તરીકે ઊપસી આવ્યું છે. કચ્છ હોય, રાજસ્થાન હોય કે પંજાબ, કાશ્મીર કે ઇશાન ભારતના રાજ્યો સર્વત્ર બી.એસ.એફ.ના જવાનો સરહદો સંભાળી રહ્યા છે. રચના વખતે સીમાદળ પાસે માત્ર ૨૫ બટાલિયન હતી, આજે આ આંક ૧૬૦ને પાર કરી ચૂક્યો છે. એના જવાનોની કુલ સંખ્યા સવા બે લાખને આંબી ગઇ છે. જેમાં સાડાઆઠસો જેટલી તો મહિલાઓ છે. ૧૯૭૧ના યુદ્ધ વખતે કચ્છ સીમાએથી સિંધના નગરપારકર સુધી ભારતે કૂચ કરી હતી, તેમાં મહદઅંશે ફાળો સીમા સુરક્ષા દળના જવાનોનો હતો. એ જ રીતે બાંગલાદેશના જંગ વખતે મુક્તિવાહિનીની પડખેય સીમા દળ હતું.

સીમા દળની જેમ ભુજમાં આકાશવાણી કેન્દ્રએ પણ પ્રેક્ષણીય સેવાઓ આજ સુધી બજાવી છે. કચ્છી ભાષાને જીવંત રાખવામાંયે આકાશવાણીનો ફાળો નોંધપાત્ર છે. ભૂકંપ વખતે મથકને નુકસાન થયા છતાં એના કર્મચારીઓએ પ્રસારણ ચાલુ રાખીને ઇતિહાસ સર્જ્યો હતો. આમ સમગ્ર રીતે જોવા જઇએ તો ૧૯૬૫ના વર્ષની ઘટનાઓએ કચ્છ પર જબ્બરદસ્ત પ્રભાવ પાડ્યો છે.

– **કીર્તિ ખત્રી,** મુંબઈ સમાચારમાંથી સાભાર


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



## પાસ થયા અભિનંદન

**દેવાંગ યુ. લાપશીયા (દેસાઈ)**
**સાંયરા – મૈસુર**
S.S.C. (CBSE) - **9.4** CGPA

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**કેવલ ભરત મોમાયા**
**ગાંધીધામ – સાંયરા**
T.Y.B.Com
**74.81%**



**પુજા કિશોર લોડાયા**
**અમલનેર**
T.Y.B.Com
CGPA **5.14/6**



**ઉર્મી કિશોર લોડાયા**
**અમલનેર**
M.Com
CGPA **5/6**



**સૌમ્ય મેહુલ શાહ**
**સાંયરા – ભાંડુપ**
S.S.C. (CBSE)
**8.4** CGPA

# દાદાની દોસ્ત

**- જયવદન પટેલ**

બસ આવી ત્યાં સુધીમાં તો એ છોકરીએ કેટલી બધી સૂચનાઓ આપી દીધી હતીઃ 'દાદાજી, સવાર-સાંજ અને જમ્યા પછી રોજ ગોળીઓ લેજો. રાત્રે સુતા પહેલાં આંખમાં દવાના ટીપા નાખવાનું ભૂલતાં નહીં. ડૉક્ટરે કહ્યું છે રોજ સવારે ફરવા જવાનું યાદ છે ને ? ગરમ પાણીથી નહાજો, હમણાં ઠંડા પાણીથી નહાવાનું નહીં, સમજ્યાને ? અને હાં દાદાજી, પહેલી તારીખે ડૉક્ટર પાસે રીપોર્ટ માટે જવાનું છે, ભૂલતા નહીં. એટલું બોલીને એ અટકી ગઈ હતી. થોડી ક્ષણો મૌનમાં ઓગળી ગઈ હતી અને પછી તે બોલી હતીઃ 'દાદાજી, બા પર ગુસ્સો કરતા નહીં.' એ છોકરીનો અવાજ ભીનો થઈ ગયો હતો. એ બોલી હતી : 'તમને મારા સમ છે, બા પર ગુસ્સો કરો તો.'



ત્યાં તો બસ આવી ગઈ હતી. એણે બસમાં ચડતાં ચડતાં પાછા વળી કહ્યું હતું: 'જાઉં છું હોં દાદાજી. મારી ચિંતા કરશો નહીં.' એના ગળે ડૂમો બાજી ગયો હતો. આંખનાં આંસુથી દેવર્ષિનાં ચશ્માનાં કાચ ભીંજાઈ ગયા હતા. એ એટલું જ બોલી શક્યા હતાઃ 'આવજે કિનુ.' છોકરીના હાથ પર દેવર્ષિની આંખમાંથી આંસુનું એક ટીપું ચશ્માનાં કાચ વીંધીને સરી પડ્યું હતું.

બસ ઊપડી હતી. છોકરી બસની બારીમાંથી દેવર્ષિની સામે આંખ માંડીને જોઈ રહી હતી. દેવર્ષિની છાતી વીંધીને ગરમલહાય નિઃશ્વાસ બહાર આવી ગયાં હતાં.

એ ઘેર આવ્યા હતા. ઘરમાં આમથી તેમ આંટો માર્યો હતો. બધું જ જાણે સાવ સૂમસામ થઈ ગયું. ગઈકાલ સુધી તો કેવો કલરવ હતો અને આજે ? ઘરનો ખૂણે ખૂણો ગમગીન અને ગંભીર હતો.

અંદરના ઓરડામાંથી જાનકી સાડલાના છેડાથી હાથ લૂછતાં-લૂછતાં બહાર આવ્યાં. પૂછ્યું હતું: 'કિનારાને બસમાં બેસાડીને આવ્યા ને ?' દેવર્ષિએ ચશ્માનાં ભીના કાચ લૂછ્યાં હતા. ફરી પાછો એક નિઃશ્વાસ છેક ગળા સુધી આવીને પાછો વળી ગયો હતો. એ ખામોશ હતા. એમના કાનમાં એ છોકરીનો અવાજ પડઘાઈ રહ્યો હતોઃ 'દાદાજી, બા પર ગુસ્સો કરતા નહીં. તમને મારા સમ છે.'

દેવર્ષિને ઘરમાં જાણે ગૂંગળામણ થતી હતી. એ ઘરની બહાર કંપાઉન્ડમાં વૃક્ષોની નીચે જઈને ઊભા રહ્યા હતા. બધું જ જાણે સૂમસામ હતું. ગુલાબના છોડ પરના એક ફૂલ પર હળવેથી હાથ ફેરવ્યો. એમના કાનમાં અવાજ ગુંજી ઉઠ્યો : દાદાજી, ગુલાબનું એક ફૂલ મારા વાળમાં પરોવી દો ને! દેવર્ષિને લાગ્યું, બધાં જ ફૂલોની ખુશ્બૂ આજે ખોવાઈ ગઈ છે અને ઘરમાંથી જાનકીનો સાદ સંભળાયો હતોઃ 'અરે સાંભળો છો! ચા ઠંડી થઈ રહી છે.' એક આછા નિઃશ્વાસ સાથે એ ઘરમાં ગયા હતા.

દેવર્ષિ ટેલિફોનની બાજુની ખુરશીમાં જઈ બેઠા હતા. જાનકી બોલી ઊઠ્યા હતાઃ 'કિનુના પહોંચી ગયાના ફોનની રાહ જુઓ છો ને! એ છોકરી કંઈ નાની અમથી કીકલી નથી, કે આમ આટલી ચિંતા કરો છો! એ તે વળી આપણી કોણ છે કે એને માટે આટલો જીવ બાળો છો ?

દેવર્ષિના હોઠ સુધી શબ્દો આવી ગયા હતાઃ 'જાનકી, તમે મને પૂછો છો, એ છોકરી આપણી કોણ થાય છે ? તમને શી રીતે સમજાવું ? કોઈવાર

*આપણને ફાલતુ જ લાગે એ ટહુકાઓ,*
*ઝાડવાને પુષ્કળ સમજાય.*

કશું પણ સગપણ ન હો તોય એ માણસ બિલકુલ પોતાનું લાગે છે.'

દેવર્ષિ શહેરની એક કૉલેજમાં અધ્યાપક હતા. બે-અઢી વરસ પહેલાં જ નિવૃત્ત થયા હતા. નિવૃત્તિનો એમને એવો તો આઘાત લાગી ગયો હતો કે હૃદયરોગનો હુમલો આવી ગયો હતો, પણ એ બચી ગયા હતા.

એમનાં પત્ની જાનકી એમનેય સાઈઠ-બાસઠ વરસ થયાં હતાં. પગે વાની તકલીફ હતી. દીકરો હતો એ અમેરિકા જઈને સેટલ થઈ ગયો હતો. દીકરો આલાપ અને દીકરાની પત્ની આરોહી અવાર-નવાર પત્ર લખીને કહેતાં હતાં: 'મમ્મી-પપ્પા, હવે તો તમારી ઉંમર થઈ. તમે બન્ને અહીં અમેરિકા અમારી સાથે આવીને રહો.' પણ દેવર્ષિ અને જાનકીનું મન માનતું ન હતું. કાયમ માટે અમેરિકા રહેવું અમને ગમે નહીં.

ત્યારે આરોહીએ ફોન પર વાત કરી હતી: 'તમે બન્ને હવે તો ઢળતી ઉંમરનાં કહેવાય. પપ્પાજી હૃદયરોગના દરદી છે અને મમ્મી તમે વાનાં દરદી છો. ઘરમાં નાનુંમોટું કામ કરે અને ચોવીસે કલાક તમારી સાથે રહે એવી કોઈ બાઈ કે છોકરી મળે તો રાખી લો. તમને બન્નેને રાહત રહેશે અને તમને કંપની મળી રહેશે.'

દેવર્ષિએ જવાબમાં કહ્યું હતું: 'પણ તારી મમ્મી માને તો ને! હું તો ક્યારનોય કહ્યા કરું છું, એને ગળે મારી વાત ઊતરતી જ નથી.' આરોહીએ જાનકીને વાત સમજાવી હતી: 'મમ્મી, આવડા મોટા ઘરમાં તમે બન્ને એકલાં રહો છો એની અમને પણ ખૂબ ચિંતા રહે છે. તમારી સાથે કોઈ માણસ હોય તો તમારા બન્નેની સંભાળ રાખે - સાજા-માંદે એ તમારી સેવા કરે. તમને વાતનો વિસામો મળે.' વહુની વાત છેવટે જાનકીએ માની લીધી હતી.

એ દરમિયાન બન્યું એવું કે દેવર્ષિના એક જૂના મિત્ર ગોપાલ પટેલ ગામડેથી શહેરમાં કોઈ કામ માટે આવ્યા હતા. દેવર્ષિને એમનો ભેટો થઈ ગયો હતો. બન્ને જુના ભાઈબંધ. દેવર્ષિ આગ્રહ કરીને એમને ઘેર તેડી લાવ્યા હતા. દેવર્ષિએ વાતમાંથી વાત નીકળતાં કહ્યું હતું: 'હવે તો અમારા બન્નેની ઉંમર થઈ. કોઈ બાઈ કે છોકરી અમારી સાથે રહે. કામ કરે. ઘરમાં વસ્તીએ જેવું લાગે, એની શોધમાં છીએ.'

ત્યારે ગોપાલ પટેલ બોલી ઊઠ્યા હતા: 'મારી એક દીકરી છે કિનારા. બારમું ધોરણ પાસ છે. અઢાર-ઓગણીસ વરસની છે. હજુ તો લગ્નની બે-ત્રણ વરસની વાર છે. તમે કહો તો હું એને મોકલી આપું. શહેરમાં રહેશે તો એનેય શહેરના સંસ્કાર મળશે - શહેરની રીતભાત શીખશે. તમારું ઘર હોય પછી અમનેય ઉચાટ ન હોય.'

દેવર્ષિ તો ખુશ ખુશ થઈ ગયા હતા: 'અરે જાનકી, આ તો ઘેર બેઠાં ગંગા આવી ગઈ. ગોપાલ પટેલની દીકરી હોય પછી તો કહેવાપણું પણ શું હોય?' અને ગોપાલ પટેલે ગામડે જઈને દીકરી કિનારાને શહેરમાં દેવર્ષિને ઘેર મોકલી આપી હતી.

નમણી અને નાજુક કિનારા સીધી, સરલ અને સાવ ભલી, છોકરી. લજામણીના છોડ જેવી શરમાળ. છતાંય હસમુખી અને ચબરાક છોકરી. દેવર્ષિને એ છોકરી જોતાંવેંત જ ગમી ગઈ હતી, એ બોલી ઊઠ્યા હતા: 'જાનકી આપણને જેવી જોઈતી હતી એવી જ છોકરી મળી ગઈ છે.'

ચાર-છ દિવસમાં તો એ છોકરી કિનારા દેવર્ષિ અને જાનકી સાથે બિલકુલ હળી-ભળી ગઈ હતી. ઘરનાં નાનામોટાં કામની માહિતી પણ એણે મેળવી લીધી હતી. દેવર્ષિ અને જાનકીના સ્વભાવ, ગમા-અણગમાને પણ એ બરાબર સમજી ગઈ હતી. દેવર્ષિને એ દાદાજી કહીને સંબોધતી હતી અને જાનકીને એ બા કહીને બોલાવતી હતી.

ઘરનું નાનું-મોટું કામ તો એ રમતાં રમતાં કરી નાખતી હતી અને પછી જાનકીની સાથે વાતો કરતી હતી: 'બા, લાવો તમારા પગે મલમ લગાવી દઉં. બા, લાવો તમારું માથું ઓળી દઉં. બા, તમારા માથાના વાળ હું કાલે ધોઈ આપીશ

*આટલા જ કારણથી એની લીલાશ હોય એનાથી બમણી થઈ જાય,*
*પાંદડાંઓ સામસામે તાળી પાડીને પછી એ જ વાત સાગમટે ગાય.*

હાં - બા, હવેથી દાદાજીનાં કપડાંને હું ઈસ્ત્રી કરી આપીશ હોં.' જાનકી તો ખુશ ખુશ થઈ જતાં.

કિનારા દેવર્ષિની પાસે બેસે. તરેહ તરેહના પ્રશ્નો પૂછે. દેવર્ષિ પણ કિનારાની વાતોમાં, પ્રશ્નોમાં રસ લે. અને કિનારા કહે: 'દાદાજી, તમે કહો છો, તો હું રોજ સાંજે તમને એક ભજન સંભળાવીશ. પણ દાદાજી, મારી એક શરત, તમારે મને અંગ્રેજી શીખવવું પડશે.'

કિનારા ઘરનું રોજેરોજનું કામ પતાવી, દેવર્ષિના ઓરડાને વ્યવસ્થિત કરે. આમથી તેમ અસ્ત-વ્યસ્ત પુસ્તકોને સરખાં ગોઠવી દે. કામ કરતી જાય અને ઝીણા મધુર અવાજે કોઈ ગીત ગાતી જાય. દેવર્ષિને જુએ અને શરમાઈ જાય. દેવર્ષિ હસીને કહે: 'કિનું, કોયલે તારા ગળામાં માળો બાંધી દીધો લાગે છે. તું ગાય છે અને ઘરમાં સુગંધ-સુગંધ છવાઈ જાય છે.'

કોઈ કોઈ વાર જાનકીની સાથે પણ ઘરનું કામ કરતાં કરતાં વાતો કરે: 'બા, તમારે ઘરે આવીને હું કેટલું કેટલું નવું નવું શીખી છું. અમારા ગામ તો હું રોજ સવારે મનમાં આવે ત્યારે ઊઠતી. અહીં તો તમે મને વહેલા ઊઠી જવાની ટેવ પાડી દીધી છે. તમે તો મને રસોઈ કરતાં શીખવી દીધું છે. કપડાંને બટન ટાંકતાં શીખવીએ દીધું છે. બજારમાંથી ખરીદી કરતાં શીખવ્યું છે.'

કિનારા વહેલી સવારે દેવર્ષિની સાથે ફરવા જતી હતી. ફરીને આવ્યા પછી દેવર્ષિની સાથે ફૂલછોડના ક્યારા સરખા કરતી હતી. નવા નવા છોડ વાવતી હતી. છોડને પાણી પાતી હતી. ઘરની સફાઈ કરી દેતી હતી. દેવર્ષિને માટે ઓછી ખાંડની ચા બનાવી દેતી હતી. જાનકી પણ કહેતાં હતાં: 'આ છોકરી આવી છે અને હું તો હળવી ફૂલ થઈ ગઈ છું.'

પણ દિવસો પસાર થતા ગયા અને કિનારા સાથેનો જાનકીનો વ્યવહાર બદલાતો ગયો. કિનારાને દેવર્ષિ અંગ્રેજી શીખવતા હોય કે કિનારા દેવર્ષિની સાથે હસીને વાત કરતી હોય, જાનકીની નજર પડે એટલે તરત જ બૂમ પાડે: 'કિનુ, અહીં આવ તો. આ રસોડાનાં વાસણ સરખાં ગોઠવી દે. નવરી પડી નથી અને દાદાજીની સાથે વાતે વળગી નથી.'

અને એક દિવસની વાત છે. દેવર્ષિને માથું દુ:ખતું હતું. કિનારા એમના કપાળે બામ ઘસતી હતી. નજર પડતાં જ જાનકી દોડી આવ્યાં હતાં. કિનારાના હાથમાંથી બામની શીશી ઝૂંટવી લીધી હતી અને કહ્યું હતું: 'બામ લગાડનારી હું બેઠી છું હાં છોકરી' કિનારાને એ શબ્દો એવા તો છાતીમાં વાગી ગયા હતા કે એ અંદરના રૂમમાં જઈને રોઈ પડી હતી.

એ પછીના બીજા એક દિવસે દેવર્ષિ તૈયાર થઈને બહાર આવ્યા હતા, એમણે કહ્યું હતું: 'કિનુ, હું એક મિટિંગમાં જાઉં છું.' અને બગીચામાં કામ કરતી કિનારા ગુલાબનું એક ફૂલ લઈને આવી હતી. દેવર્ષિના પહેરણના ગાજમાં ફૂલ પરોવી દીધું હતું. જાનકી એ જોઈ ગયાં હતાં. દેવર્ષિના ગયા પછી એમણે કિનારાને તતડાવી નાખી હતી: 'મારી એક વાત બરાબર સમજી લે કિનુ, આવા બધા ચાળા મને જરાય પસંદ નથી. ગઈકાલે તું એમને પગના મોજા પહેરાવતી હતી, હું જોઈ ગઈ હતી પણ કશું બોલી ન હતી. મારા ઘરમાં આ બધું નહીં ચાલે' કિનારાના કાળજા પર તો જાણે ધગધગતા અંગારા ચંપાઈ ગયા હતા. જાનકીએ વધુમાં સૂચના આપી દીધી હતી: 'એમની પથારીની ચાદર તારે સરખી કરવાની નહીં! હું બેઠી છું એમની ચાદર સરખી કરવાવાળી. એમની થાળી તારે હાથે પીરસવાની નહીં, હું બેઠી છું એમને પીરસનારી. અને રોજ સવારે એમની સાથે તારે ફરવા જવાનું નહીં સમજી ગઈ ને તું?' કિનારાએ તો બન્ને કાને હાથ દઈ દીધા હતા. એ વધુ સાંભળી શકી ન હતી.

કિનારાએ તો એ દિવસ પછી દેવર્ષિની સાથે હસવું-બોલવું ઓછું કરી નાખ્યું હતું. દેવર્ષિ મનમાં બધું જ સમજી ગયા હતા. એ દિવસથી એ જાનકી સાથે ખૂબ નારાજ રહેતા હતા. અવારનવાર

**(અનુસંધાન પાના નં. ૧૮ ઉપર)**

*મ્હેકના રૂમાલ વડે વાયરો લૂછે છે કોઈ રૂઠેલી ડાળખીની રીસ,*
*આપણે આ જોવાનું બૂડથલ ચામડીઓને બારી પર ટેકવીને, ભાઈ!*
*- રમેશ પારેખ*

સમાચાર સંકલન
સંસ્થા સમાચાર • જ્ઞાતિ સમાચાર • વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

શ્રી વડાલા સંઘના આંગણે ગુરૂવાર, તા. ૧૮-૦૩-૨૦૧૭ના સવારના પૂવાચાર્ય પ.પૂ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા શ્રી સંઘના દ્વિતીય વર્ષીતપ ના તપસ્વીઓના દર્શનાર્થે આશિર્વાદ અર્થે વડાલાના આંગણે પધાર્યા. પૂજ્યશ્રી એ વ્યાખ્યાન ફરમાવી સંઘના રસોડાને ગોચરી નો લાભ આપ્યો.

વડાલા મધ્યે ગત વર્ષની જેમ સમગ્ર મુંબઈ-નવી મુંબઈના અંદાજે ૨૪૦ તપસ્વીએ સુખશાતાપૂર્વક બ્યાસણે વર્ષિતપના પારણાંનો લાભ શ્રી સંઘ ને આપી રહ્યા છે.

આગામી ચાતુર્માસ માટે પ.પૂ. મુનિરાજ શ્રી સર્વોદયસાગરશ્રીજી મ.સા. આદિ ઠાણા પધારશે. પૂજ્યશ્રી નો નગર પ્રવેશ આષાઢી બીજને રવિવાર, તા. ૨૫-૦૬-૨૦૧૭ના થશે.

### તાજેતરમાં મંજુર થયેલ સીમેન્ટ રોડનું ખાસ મુહૂર્ત શ્રી ભલારાદાદનું સ્થાન - સુથરી

કોઠારા સુથરી રોડને જોડતા સુથરી ગામના એપ્રોચ રોડનું પૂ. ભલારાદાદાના ભૂવા શ્રી કિશોરભાઈ સાંયા (માજી ચેરમેન કચ્છ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા)ના કરકમલો દ્વારા પૂ. દાદાનો ધુપ કરી, શ્રીફળ વધેરી ખાસમૂહર્ત કરવામાં આવેલ હતું.

કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી કૌશલ્યાબેન માધાપરીયા તેમજ કચ્છ જિલ્લા પંચાયતના સભ્ય તથા વિપક્ષ ઉપનેતા માનનીય શ્રી કિશોરસિંહ જાડેજાએ શુભ સંદેશો પાઠવેલ હતો.

ખાતમૂહુર્તની પૂજા વિધિ રાજગોર બ્રહ્મદેવશ્રી વેલજીભાઈ તરફથી સંપન્ન થયેલ હતી. ખાતમૂહુર્તમાં ડે. ઈજનેરશ્રી મોરે સાહેબ, આ.સુપ્રીટેન્ડન્ટ પ્રવીણભાઈ બારૈયા તાલુકા પંચાયતના સભ્યશ્રી કાનજીભાઈ ગઢવી, મોટી સિંધોડી તેમજ ગામના માજી સરપંચશ્રી અબ્દુલ કરીમ સાલેમામદ્ય સુમરા અને ઉપસરપંચશ્રી અબ્દુલાભાઈ શીરૂએ ભાગ લઈ કામની સફળતા અંગે શુભેચ્છા વ્યક્ત કરી હતી.



ખાતમૂર્હત બાદ ડે. ઈજનેર શ્રી મોરે સાહેબ તથા તાલુકા પંચાયતના સભ્ય શ્રી કાનજીભાઈ ગઢવી તેમજ કોન્ટ્રાકટર શ્રી પરેશભાઈનું શાલ-માળા અર્પણ કરી બહુમાન ભૂવા શ્રી કિશોરભાઈ સાંયા તેમજ ટ્રસ્ટી શ્રી ચંદુભાઈ શાહ - વાંકુ તરફથી કરવામાં આવેલ હતું. વળતાં ભુવાશ્રીનું બહુમાન કોન્ટ્રાક્ટર પરેશભાઈ જાડેજા તથા કાનજીભાઈ ગઢવી તરફથી કરવામાં આવેલ.

### શ્રી કોઈમ્બતુર ગામે ધ્વજા મહોત્સવ

તામિલનાડુ નગરે કોઈમ્બતુર ગામે પ.પૂ. મુનિ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણા-૩ ની શુભ નિશ્રામાં જેઠ વદ-૬ ને તા. ૩૧-૫-૨૦૧૭ના દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ ઉજવાયો. વિધિવિધાન માટે સુશ્રાવક બીપીનભાઈ ગુરૂજી અને શ્રી સુપાર્શ્વનાથ મંડળના સથવારે શ્રી સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ.

દ્વિતીય ધ્વજારોહણ અને ભાતાના લાભાર્થી પરિવાર હતા. માતુશ્રી સરલાબાઈ રતિલાલ લોડાયા, સાંયરા અને માતુશ્રી પુરબાઈ લક્ષ્મીચંદ દંડ, લાલા. સંઘની બહોળી ઉપસ્થિતિ અને હર્ષોલ્લાસથી મહોત્સવ ઉજવવામાં આવેલ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

એસ.એસ.સી.ની પરીક્ષામાં ઉતીર્ણ થનારા જ્ઞાતિના સર્વે વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન તથા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આગળ વધો એવી શુભકામના....
- ચિમન મોતા • તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## પરબ શક્તિ સંજીવની સોસાયટી

આપણી જ્ઞાતિની મહિલાઓ દ્વારા સંચાલિત પરબ શક્તિ સંજીવની સોસાયટીએ ગયા વર્ષમાં નીચે જણાવેલ સત્કાર્યો પર પાડ્યા છે.

૧) શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહને રૂા. ૧૧ લાખનું દાન (એક રૂમ માટે). ૨) ૧૦૦ સાધર્મિક કુટુંબોને અનાજનું વિતરણ. ૩) ૪ વ્હીલચેરનું દાન, જેમાની ૩ JJ Cancer Relif and Care Trust અને ૧ માલતીબેન જયંતિલાલ સેનેટીરિયમ, દેવલાલીને આપવામાં આવેલ છે. આ ઉપરાંત સમગ્ર વર્ષ દરમિયાન મેડિકલ મદદ તથા વિદ્યાર્થીઓને ફીસ પણ આપેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ માર્ચ મહિનામાં મસાલા વેચાણ રાખવામાં આવેલ. Jupiter Hospitalમાં રાહત દરે મેડિકલ ચેક અપ નિયમિત સ્તરે ચાલુ છે.

ભારતના આશુકવિ શ્રી પ્રેમચંદ મોતા તરફથી પ્રાપ્ત થયેલ દાન બદ્દલ સંસ્થા તેમની આભારી છે.

## શ્રી અરિહંત બેંકની અગીયારમી શાખાનું ઉદ્દ્ઘાટન



તા. ૧૧-૬-૨૦૧૭ના રોજ માટુંગા ખાતે અરિહંત બેંકની અગીયારમી શાખાનું ઉદ્દ્ઘાટન થયું હતું. આ પ્રસંગે શ્રીમતી પ્રીતીબેન દેવેન્દ્ર શાહ (પરાગ મિલ્ક પ્રોડક્ટ લી.) શ્રીમતી નેહલબેન શાહ (ખોના) - નગરસેવિકા, શ્રી મોહનલાલ શાહ (ચેરમેન – શ્રી માટુંગા મૂર્તિપૂજક જૈન સંઘ-માટુંગા), શ્રી જયંત લાપસીયા (યુ.એમ.ખોના એન્ડ કું.), શ્રી પ્રણવ તેજુકાયા (એમ.ડી. અને સી.ઇ.ઓ. – તેજુકાયા ગ્રુપ ઑફ કંપનીઝ) અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્દ્ઘાટન સમારંભમાં બેંકના શેર હોલ્ડર્સ, ખાતાધારકો, સ્ટાફ, કેડીઓ તથા કેવીઓ સમાજના અગ્રણીઓ શ્રી હંસ બી. ખીમજી, શ્રી ચેતન મોતા, શ્રી મણીકાંત ધુલ્લા, શ્રી ચેતન મોતા, શ્રી હેમાંગ ધરમશી, શ્રી શ્રેણીક મોમાયા, શ્રી કલ્યાણજી છેડા, શ્રી દેવચંદ ધરમશી, શ્રી ચીમનલાલ ખોના, શ્રી મનીષ લાલકા અને અનેક માન્યવરો ઉપસ્થિત હતા.

અરિહંત બેંકના ચેરમેન શ્રી હિરાચંદ દંડએ પધારેલા મહેમાનોનું સ્વાગત કર્યું હતું. વાઈસ ચેરમેન શ્રી મુકેશ મૈશેરીએ આભારવિધી કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડીરેક્ટર શ્રી ડોલર શાહે કર્યું હતું. આ ઉદ્દ્ઘાટન કાર્યક્રમને સફળ બનાવવા ડીરેક્ટર શ્રી ગુલાબ શાહે જહેમત ઉઠાવી હતી. બ્રાંચ મેનેજર તરીકે શ્રીમતી સરલા મોમાયા તથા સી.ઇ.ઓ. તરીકે શ્રી કિરણ પટેલ કાર્યરત હતા.


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
**યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી**
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.


જ્ઞાતિ નું ગૌરવ–અંતરના અભિનંદન

**ખોના–લોડાયા પરિવાર નું ગૌરવ**

ગામ
જખૌ



હાલ
મુલુંદ

**કુ. રીયા મુકેશ ખોના**

(S.S.C 93.2%)(C.B.S.C Board)

પરમ કૃપાળુ દેવ ગુરૂની અસીમ કૃપાથી ખોના પરિવારની લાડલીએ સારા ગુણાંક મેળવી શૈક્ષણિક કારકિર્દિને યશસ્વી બનાવી છે. જીવનના દરેક શ્રેત્રે પ્રગતિના શિખરો ચુમે એવી શુભેચ્છાઓ...

**દાદાણા**

પુષ્પાબેન મોતીચંદ હીરજી ખોના ♦ગામ–જખૌ♦હાલ–ગંજ બાસોદા

**નાનાણા**

ચંદનબેન નારાણજી કુવરજી લોડાયા♦ગામ–સાયરા♦હાલ–અહમદાબાદ

**મમ્મી પપ્પા**

નીતા મુકેશ ખોના♦હાલ–મુલુંડ♦


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## **નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પુનમચંદ માણેકજી મોમાયા** | રાજચંદ્ર આશ્રમ, ન્યુ ૬૪બી, રૂમ નં.૭, અગાસ સ્ટેશનની સામે, |
| (PS 6169) | બોરીયા- ૩૮૮ ૧૩૦ ગુજરાત. મો.: ૮૨૩૮૬૬૩૯૯૬૯ |
| **કિરીટ ભવાનજી ગોશર** | ૫૦૩, પુનમ એપાર્ટમેન્ટ, ૫મે માળે, અલકા રેસ્ટોરંટ પાસે, આર. સી. રોડ, |
| (PS 5490) | અલકાપુરી, વડોદરા - ૩૯૦ ૦૦૭. મો.: ૯૪૪૮૮ ૬૪૬૩૬ |
| **શ્રીમતી કંચનબેન રાયચંદ લાલકા** | ૮૦૧, અનંતછાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, |
| (PS 827) | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **અશોક સોમચંદ દંડ** | ૨૧, અશ્વિન એપાર્ટમેન્ટ, એ-૨ વિંગ, બીજે માળે, મહાત્મા ફુલે રોડ, |
| (PS 456) | ચિંતામણ રાવ દેશમુખ ગાર્ડન સામે, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૧. |
| | અશોકભાઈ - ૯૮૨૧૧ ૪૪૩૨૪, હેમલતાબેન - ૯૮૬૯૫ ૨૧૭૫૧ |
| | કૃપા - ૯૮૬૯૦ ૧૧૯૪૪, ડાયમંડ - ૯૮૧૯૮ ૪૦૯૬૦ |
| **વિપિન મણીલાલ મોમાયા** | ૨૧, કનક ભવન, હવા મહલ રોડ, પીર ગેટ, મલીપુરા, |
| (PS 6254) | ભોપાલ - ૪૬૨ ૦૦૧, મધ્યપ્રદેશ મો.: ૯૪૨૫૬ ૦૭૭૮૩ |

## **જીવનચક્ર**

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૫-૧૭ | યુએસએ | કિયારા, જેસિકા ડૉ. મુનીશ હરીશ શામજી લાપસીયા | સુથરી | પુત્રી |

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૫-૧૭ | ડોમ્બીવલી | આકાશ દેવેન્દ્ર હીરજી ધરમશી | તેરા | ૨૭ |
| | હૈદરાબાદ | ૨શ્મી નિતીન ભીખુભાઈ લોડાયા | સાંધવ | ૨૫ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૬-૧૭ | કલવા | જેઠાલાલ હંસરાજ મોતા | વારાપધર | ૮૩ |
| ૧૧-૦૬-૧૭ | ભાંડુપ | તરલાબેન તારાચંદ મોતા | રાપરગઢ | ૬૧ |
| ૧૫-૦૬-૧૭ | યવતમલ | વિરચંદ જેઠાભાઈ મૈશેરી | જખૌ | ૮૭ |
| ૧૫-૦૬-૧૭ | ખંડવા | ભરત વિસનજી માલશી ડાઘા | વરાડીયા | ૫૭ |
| ૧૬-૦૬-૧૭ | મોટી ખાવડી | પદમશી દેવજી લોડાયા | મોટી ખાવડી | ૭૮ |
| ૧૬-૦૬-૧૭ | ઘાટકોપર | નિર્મલાબેન રતિલાલ આણંદજી નાગડા | બાંયઠ | ૮૩ |
| ૧૭-૦૬-૧૭ | ઘાટકોપર | ચંદ્રસેન હીરાચંદ મોમાયા | વરાડીયા | ૬૨ |

## **દાદાની દોસ્ત** (અનુસંધાન પાના નં. ૧૫થી ચાલુ)

ગુસ્સો પણ કરતા હતા. નાની બાબતમાં એ જાનકી સાથે તકરાર કરી બેઠા હતા. જાનકી પણ ગુસ્સામાં આવી બોલી ગયાં હતાં: 'એ છોકરી માટે તમને આટલો જીવ કેમ બળે છે?' અને કિનારા એ સાંભળી ગઈ હતી. બીજા દિવસની સવારે એણે પોતાની બૅગ તૈયાર કરી કહ્યું હતું: 'દાદાજી, મને બસમાં બેસાડી દો, મારે મારા ગામ જવું છે.' અને દેવર્ષિને તો ચોટ લાગી ગઈ હતી. એ કશું જ બોલ્યા વિના તૈયાર થઈ ગયા હતા. કિનારા જતા પહેલાં જાનકીને પગે લાગી હતી: 'બા, બોલ્યું-ચાલ્યું માફ કરજો.'

દેવર્ષિ કિનારાને બસમાં બેસાડી આવ્યા હતા પણ એમને હવે ઘર સૂનું સૂનું લાગતું હતું. એ દિવસથી એ હસવાનું પણ ભૂલી ગયા હતા. જાણે કોઈએ પોતાની પાસેની એક કીમતી ચીજ છીનવી લીધી હતી. જાનકી પતિના ઉદાસ ચહેરા સામે જોઈ રહેતાં હતાં. એક સાંજે ફૂલછોડ પાસે દેવર્ષિને બેઠેલા જોયા. એવા તો શોકમગ્ન હતા કે જાનકી વિચારમાં પડી ગયાં હતાં. એક દિવસે દેવર્ષિને એમના કોઈ મિત્ર સાથે વાત કરતાં જાનકીએ સાંભળી લીધા: 'જાનકી આવી સાવ સાધારણ સ્ત્રી જેવી હશે એની તો મને ખબર જ ન હતી.' એ શબ્દો સાંભળ્યા અને જાનકીની આંખમાં આંસુ આવી ગયા હતાં.

ત્રીજે કે ચોથે દિવસની એક સાંજે કિનારા પાછી આવી ગઈ હતી. એને આવતી જોતાં જ જાનકી દોડી ગયાં હતાં. અને ભેટી પડ્યાં હતાં: 'તું આવી ગઈ' કિનારા ગદગદ અવાજે બોલી હતી: 'બા, તમારો કાગળ આવે અને હું ન આવું એવું તે કદી બને?' જાનકીએ તો ટહુકો કર્યો હતો: 'અરે સાંભળો છો? બહાર આવો જોઈએ. જુઓ તો કોણ આવ્યું છે? તમારી દોસ્ત - દીકરી આવી છે!' નજીકના એક મંદિરની સાંજની આરતીનાં ઘડિયાળાં રણઝળી ઊઠ્યાં હતાં.

* * *

# સ્નેહાંજલી



જન્મ
તા. ૧૨-૨-૧૯૪૭

અરિહંત શરણ
તા. ૨૧-૫-૨૦૧૭

## અ.સૌ. તરલાબેન મણીકાંત ધુલ્લા

ગામ જખૌ-મુલુંડ

સાંસારિક જીવનની ફરજોનું સુપેરે વહન કરનારા
સૌ પ્રત્યે પ્રેમ સદ્‌ભાવ ને પરોપકારની લાગણી ધરાવનારા
સૌમ્યશીલ ને સ્નેહાળ સ્વભાવ તથા મધુરવાણી વડે
સૌ સાથે સ્નેહભર્યા સંબંધ જાળવનારા
અમારા વાત્સલ્યમૂર્તીને ભાવભરી વંદના
પરમાત્મા આપની આત્માને પરમ શાંતી આપે એવી ભાવભરી વંદના.

શોકાતુર

**લી. માતુશ્રી લતાબેન મણીકાંત મોમાયા સહપરિવાર**

ગામ વરાડીયા - હાલે હૈદરાબાદ

Gaurav
CATERERS
Where quality counts..

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (19-06-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# Jain Ratna Award for
# Shri Natvarlal Raghavji Nagda





**Jain Social Group felicitated Shri Natvarlal Raghavji Nagda, Vadodara (Kothara) with JAIN RATNA AWARD FOR 2017-18 for his Jain Religious Achievements and empowering more than 900 Jain Sadhu-Sadhvi with English learning**

**વડોદરામાં આ ચાતુર્માસ માં**

**પ.પૂ. પદ્યભૂષણ આચાર્ય શ્રી રત્નસુંદર સૂરિશ્વરજી મ.સા. ના શબ્દોમાં**

" ૭૮/૭૮ વસંત અને પાનખર, દિવાળી અને હોળી જોઇ ચૂકેલા અને છતાં યુવાનને શરમાવે તેવો ઉત્સાહ ધરાવતા શ્રી નટવરભાઇ રોજનો એક જ કલાક ફક્ત ૪૦ દિવસ સુધી સાધુ - સાધ્વીજી ભગંવતોને કોઇપણ ચોપડીના આધાર વિના ફક્ત મોઢેથી જ અદયયન કરાવી, તૈયાર કરે છે. એ સૌંનો મસ્ત અભિપ્રાય સાભળ્યા બાદ મેં પોતે એમની પાસે અંગ્રેજી ભણવાનું શરૂ કર્યુ હતું. જાણવા પામ્યો હતો કે ૨૦ વર્ષના ગાળામાં એમણે ૪૦ આચાર્ય ભગવંતો, ૬૫ પન્યાસજી ભગંવતો સહિત ૯૨૭ સાધુ-સાધવીજીઓને અંગ્રેજીનું અદયયન કરાવ્યું છે. "

*" Every Charitable Act is a Stepping Stone Towards Heaven "*

**Mrs. Gunvati Natvarlal Nagda**

*We love you Papa and we are proud of you.*

**Preeti - Gitesh Nagda • Jharana - Shreyas Nagda • Darshana Ashwin Dharamshi**
**Aastha, Divya, Heer, Mithil, Moxesh and Maithili**

*With the best compliments from :*

**Chandraprabh Jewellers**
Vadodara

**Samay Infosolutions Pvt. Ltd.**
Mumbai

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,